**Shikshan Sanshodhan** : Journal of Arts, Humanities and Social Sciences
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal
Volume - 7, Issue - 03

ISSN(o): 2581-6241
Impact Factor: 6.831
March - 2024

DOIs:10.2018/SS/202403009 --:-- Research Paper / Article / Review

# હાટ બજાર અને સ્વાવલંબન: ખેતપેદાશના વેચાણના સંદર્ભે અભ્યાસ

**ડૉ. મોહંમદસઈદભાઈ અબ્દુલહકિમ કુરેશી**

અધ્યાપક સહાયક, અર્થશાસ્ત્ર વિભાગ,

શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી. ઈ. ઈ. એલ. કે. કોમર્સ કોલેજ, ચીખલી

Email - saiedkureshi@yahoo.com

***Abstract:*** ખેતીને એક વ્યવસાય તરીકે જોતા તેનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોની આવકમાં વધારો કરી તેમના જીવનધોરણમાં સુધારો લાવવાનો છે. આના માટે જરૂરી છે કે ખેતઉત્પાદનના વધારાની સાથે ખેતપેદાશના વ્યાજબી ભાવ ખેડૂતોને મળી રહે. બીજું ખેતપેદાશના વેચાણ અને ખેતઉત્પાદન માટેની જરૂરી વસ્તુઓ માટે ખેડૂતોને વધુ પડતુ વાહનવ્યવહાર ખર્ચ કરવો ન પડે. આ મુદ્દાઓ પર ચિંતન કરતાં ગાંધીએ રજૂ કરેલ સ્વાવલંબનનો ખ્યાલ નજરો સમક્ષ આવે કે જેમાં પાંચ માઈલના સંબંધની વાત કરવામાં આવી છે. જો કે આગળ જતા ગાંધીવાદી વિચારક ઈલાબેન ભટ્ટ અનુબંધમા સો માઈલના સંબંધની વાત કરે છે. ગુજરાતમાં હાલમાં પણ કૃષિ અને ગ્રામિણ પેદાશોના વેચાણની હાટ બજારની વ્યવસ્થા જોવા મળે છે. આ હાટ બજાર અમૂક ગામો કે પ્રદેશો વચ્ચે વેચાણનું સ્થળ વિકસાવે છે. જે ક્યાંક ઓછા માઈલના સંબંધમાં સ્વાવલંબનની સ્થિતિ ઉભી કરે છે. અત્રે અભ્યાસમાં ગાંધીવિચારમા વર્ણિત સ્વાવલંબન એ હાટ બજારમાં સાકાર છે કે કેમ અને હાટ બજારની ખેડૂતોની આવક અને જીવનધોરણ પર શું અસર થઈ છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

***Key Words:*** હાટબજાર, સ્વાવલંબન, ખેડૂતોની આવક, ખેડૂતોનું જીવનધોરણ.

## 1. પ્રસ્તાવના :

ખેતીના વ્યવસાયમાં માત્ર જમીનમાંથી પાક લેવાની બાબતનો સમાવેશ થતો નથી, પરંતુ તેમાં જુદા જુદા પાકો, પશુપાલન, ડેરી ઉદ્યોગ, મરઘા-બતકાં ઉછેક વગેરે ખેતી સાથે સંકળાયેલી કામગીરીઓ કે જે ખેતી કરનાર વર્ગ કરે છે તેનો સમાવેશ થાય છે. ખેત વ્યવસાય કે ખેતીક્ષેત્ર એ અર્થતંત્ર માટે એક અગત્યનો ક્ષેત્ર છે. ઓ. બેકર અને રાલ્ફ બારસોડી જેવા લેખકો ખેતીને મૂળભુત ઉદ્યોગ ગણાવે છે. તેમની દ્રષ્ટિએ વસ્તીવધારો, ઔધોગિક ક્રાંતિ વગેરેમાં ખેતીક્ષેત્રની ક્રાંતિ મૂળભુત હતી, અને છતાં ખેતીવસ્તીને સમાજની અદ્યતન સવલતોનો લાભ મળ્યો નથી. જે જીવનનો રાહ છે તેને ધંધાને બદલે જુદી રીતે જોવી જોઈએ. આધુનિક જીવન તેમના મતે કંઈક અંશે ફેરફાર માગે છે. એટલે ખેતીના વિકાસની સાથે આધુનિક જીવનને અનુસંધાન સાધવુ જોઈએ. દેશના પ્રાથમિક ક્ષેત્ર તરીકે ખેતીનું વિશેષ મહત્વ રહ્યુ છે. ભારતીય અર્થતંત્રમાં ખેતીનું જે સ્થાન રહ્યુ છે તેની વિગતો નીચે મુજબ છે.

- ભારતની કુલ ઘરેલુ પેદાશમાં ખેતીનો હિસ્સો વર્ષ **2021-22**માં **16.82** ટકા જોવા મળે છે.
- રોજગારીની બાબતમાં **50** ટકા વધુ લોકો કૃષિક્ષેત્રમાંથી રોજગારી મેળવે છે.
- વધતી જતી વસ્તીની અનાજની માંગ પૂરી પાડે છે.
- ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે.
- દેશના આંતરિક અને આંતરારાષ્ટ્રીય વેપારના ક્ષેત્રે પણ ખેતીનું મહત્વનું સ્થાન રહ્યુ છે.
- કૃષિપેદાશોની નિકાસો દ્વારા દેશ મબલખ વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત કરે છે.
- ખેતીનો વિકાસ અન્ય ક્ષેત્રોના વિકાસને વેગવાન બનાવે છે.
- કૃષિક્ષેત્રની સમૃદ્ધિ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓના અંદાજપત્ર પર અસર કરે છે.
- દેશના આર્થિક વિકાસને વેગવાન બનાવે છે.

આમ, ખેતી એક મહત્વનું ક્ષેત્ર હોવાના કારણે તેની પાયાની બાબતોનો વિકાસ થવો જરૂરી છે. તેની એક પાયાની બાબત ખેડૂતોની આવક વૃદ્ધિ અને જીવનધોરણમાં સુધારો છે. ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે ખેતઉત્પાદનના વધારા સાથે ખેડૂતોને ખેતપેદાશોના યોગ્ય ભાવ મળી રહે તે જરૂરી છે. ખેતપેદાશોના વેચાણથી ખેડૂતોને યોગ્ય નફો મળી રહે તો તો તેમની આવકમાં વધારો થાય અને તેમનું જીવનધોરણ પણ સુધરે. પરંતુ, ભારતમાં ખેતવેચાણની વ્યવસ્થાની અનેક મર્યાદાઓ છે. ખેડૂતોની વેચાણ કિંમત અને ગ્રાહકની ખરીદી કિંમત વચ્ચે મોટા પ્રમાણમાં તફાવત જોવા મળે છે. દા.ત., ખેડૂત જ્યારે ઘઉંના પાકનું વેચાણ કરે છે ત્યારે તેને મણદીઠ **300-500**નો ભાવ મળે છે. એટલે કે ગુણવત્તાના આધારે **15** થી **25** રૂપિયા કિગ્રા સુધી વેચાય છે. જ્યારે કોઈ ગ્રાહક તેને ખરીદવા જાય છે તો તેના કિગ્રા દીઠ **30** થી **50** રૂપિયા સુધીની કિંમત ચૂકવવી પડે છે. આમ, ખેડૂતોની વેચાણ કિંમત અને ગ્રાહકની ખરીદી કિંમત વચ્ચે **30** થી **100** ટકાનો તફાવત જોવા મળે છે. આની પાછળ જે જવાબદાર પરિબળો જે તેમાં મધ્યસ્થીઓની લાંબી સાંકળ, બિનઅધિકૃત અને મનસ્વી કપાતો, કોઠારના અભાવના કારણે પાક બગાડ, વાહનવ્યવહાર ખર્ચ વગેરે.

ઉપરોક્ત ખેતવેચાણની સમસ્યાઓની સીધી અસર ખેડૂતોની આવક પર થાય છે. જ્યારે પ્રસાર અસર ગ્રાહકોની વાસ્તવિક અને પર્યાવરણ પણ થાય છે. આપણે બજારની બે પરિસ્થિતિઓનું જો ચિંતન કરીએ, કે જેમાં એક પરિસ્થિતિ ખેડૂત ગ્રાહકને સીધો વેચાણ કરતો નથી અને  બીજી ગ્રાહકને સીધો વેચાણ કરે છે. આ બન્ને પરિસ્થિતિમાં જ્યારે ખેડૂતો પોતે વેચાણ કરે ત્યારે તેના બિનજરૂરી ખર્ચ થતાં નથી. બીજું કે તે મધ્યસ્થીઓને વેચાણ કરી જે કિંમત મેળવે તેના કરતાં પોતે વેચાણ કરવાથી વધારે કિંમતો મેળવી શકે. બીજું કે ગ્રાહકો પણ પહેલા કરતાં ઓછી કિંમતે વસ્તુઓની પ્રાપ્તી થઈ શકે. આ બાબત એ જ ખેતપેદાશોના સંદર્ભે લાગુ પાડી શકાય કે જે વપરાશી વસ્તુ છે. જેમકે, શાકભાજી, ફળો, અમૂક ધાન્ય પાકો અને તેલિબિયા પાકો અન્ય કિસ્સામાં જો ખેડૂતો ઉત્પાદન પ્રક્રિયા કરી ઉત્પાદકીય વસ્તુ બનાવી તેનું વેચાણ કરી શકે છે. જેમકે, પાપડ, ખાદી વસ્ત્રો, વણાટકામ, ઊની અને રેશમી વસ્ત્રો, તેલ, મીઠાઈઓ, ટોપલાં, સાવરણીઓ વગેરે.
આ બાબતને ગાંધીએ પોતાના આર્થિક વિચારોમાં સ્વાવલંબનમાં રજૂ કરી પાંચ માઈલના સંબંધની વાત કરી છે. જ્યારે સ્થાનિક બજારોમાં હાટબજાર ગ્રામિણ લોકોને વેચાણ માટેની વ્યવસ્થા પૂરી પાડે છે. આ મુદ્દા પર વિચારવિમર્શ કરી આ અભ્યાસ કરવામાં આવેલ છે. જેની વિગતે ચર્ચા આગળ કરવામાં આવેલ છે.

## 2. સાહિત્ય સમીક્ષા :

ચૌહાણ આર. એસ અને અન્ય**(2019) "Economics of Value Added Products of Kodo and Kutki"** અભ્યાસ અંતર્ગત મધ્યપ્રદેશના **120** આદિવાસી ખેડૂતોનો અભ્યાસ કર્યો. જેઓ કોડો અને કુટકીનું ઉત્પાદન કરી રહ્યા હતા.

તેમના તારણમાં જોવા મળ્યુ કે આ પાકોનું મૂલ્યવર્ધન નથી કારણે કે અમૂક ખેડૂતો સ્વવપરાશ માટે પાકનું ઉત્પાદ કરતાં હતા. જ્યારે અમૂક ખેડૂતો હાટ બજારમાં આ પાકનું વેચાણ કરતાં હતા જે સ્થાનિક સ્થળે જ ભરાતો હતો.

એ.બી. સરકાર અને અન્ય**(2014) "Resurrection and being of a Haat: case study of rural markets of the eastern plateau region"** માં ઉચ્ચપ્રદેશના ગ્રામીમ બજારોનો કેસ અભ્યાસ કરે છે. તેઓ જણાવે છે કે, હાટ બજારો યુગોથી જ ચીજવસ્તુઓના આદાન-પ્રદાન માટે આવશ્યક સ્થળ છે, જ્યાં ખેડૂતો અને સ્થાનિક લોકો અનાદિ કાળથી વેપાર કરવા, વિચારોનું આદાન-પ્રદાન કરવા, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ રાજકીય પ્રવૃત્તિઓમાં જોડાવા માટે ભેગા થાય છે. આમ તે માત્ર વેપારી સ્થળ ન રહેતા ઉત્સવ અને સાંસ્કૃતિક કેન્દ્રો તરીકે કામ કરે તેવી સરકાર પોતાના અભ્યાસમાં રજૂઆત કરે છે.

પરમાર દિલિપ**(2006)** "આદિવાસીઓના પરંપરાગત હાટ(બજાર)"માં આદિવાસી વિસ્તારોમાં જોવા મળતા હાટ બજાર વિશે અભ્યાસક્ષેત્રથી જે માહિતી પ્રાપ્ત થઈ તેની રજૂઆત કરે છે. તેઓ આવા બજારોને આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત રીતે ચાલતા આવ્યા છે જ્યાં તેઓ સપ્તાહમાં કોઈ એક દિવસ ચીજવસ્તુનું વેચાણ અને ખરીદી કરતાં હોય છે તેવું પરમાર દિલિપ પોતાના અભ્યાસમાં જણાવે છે.

પુનાલેકર, એસ.પી. **(2006)** "આદિવાસી વિસ્તારમાં હાટ" માં આદિવાસી વિસ્તારોમાં આવેલ હાટ બજારોની રજૂઆત કરે છે. જેમાં ગુજરાતમાં આદિવાસી પટ્ટીના વિસ્તારોમાં આવેલ વિવિધ હાટ બજારમાં વેચાણ થતી વસ્તુઓની વાત કરે છે.

પટેલ રાજીવ **(2016)** "આદિવાસી વિસ્તારના ખેડૂતોની કૃષિ પેદાશની વેચાણ વ્યવસ્થાનો અભ્યાસ"માં આદિવાસી વિસ્તારોમાં ખેત પેદાશના વેચાણની હાટ બજાર, કરાર આધારિત ખેતી અને નિયંત્રિત બજારની ભૂમિકા જાણવી અને ખેડૂતોની બજાર વ્યવસ્થાની વેચાણ સમસ્યાઓ જાણી તેનું સમાધાન કરવા ઉદ્દેશથી આ અભ્યાસ કરે છે. જેમાં તેઓ તારવે છે કે, શાકભાજી અને મસાલા પકવતા ખેડૂતો પોતે હાટ બજારમાં માલનું વેચાણ કરવામાં માટે જાય છે.

## 3. અભ્યાસના ઉદ્દેશ :

અભ્યાસના ઉદ્દેશો નીચે મુજબ છે.

(1) ગાંધીવિચારમાં વર્ણિત સ્વાવલંબન હાટ બજારમાં જોવા મળે છે કે કેમ તેનો અભ્યાસ કરવો.

(2) હાટ બજારની ખેડૂતોની આવક, રોજગારી અને જીવનધોરણ પર શું અસર થઈ છે તેની માહિતી મેળવવી.

## 4. સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસ સંખ્યાત્મક સંશોધન પદ્ધતિના આધારે કરવામાં આવેલ છે. જે અંતર્ગત સર્વેક્ષણનો ઉપયોગ કરેલ છે. પ્રસ્તુત પ્રાથમિક માહિતીનું સંદર્ભ વર્ષ-2023 છે.

## 5. અભ્યાસ ક્ષેત્ર અને નિદર્શની પસંદગી :

અભ્યાસ ક્ષેત્ર તરીકે ચીખલી મૂકામે આવેલ હાટ બજારની પસંદગી કરવામાં આવેલ છે. ચીખલી હાટબજારમાં શાકભાજી અને લીલા મસાલાનું વેચાણ કરતાં 62 વિક્રેતાઓની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવેલ છે.

## 6. માહિતીનું વિશ્લેષણ :

અભ્યાસ માટેની પ્રાથમિક માહિતી મુલાકાત દ્વારા મેળવવામાં આવેલ છે. જ્યારે ગૌણ માહિતી વિવિધ લેખો, સંશોધન પેપર, પુસ્તકો, વેબસાઈટની મદદથી મેળવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ નીચે મુજબના મુદ્દાઓના આધારે કરવામાં આવેલ છે.

(ક) હાટ બજારનો પરિચય

(ખ) સ્વાવલંબન

(ગ) હાટબજાર અને સ્વાવલંબન

(ઘ) હાટ બજારની રોજગારી પર થયેલ અસર : અભ્યાસ ક્ષેત્રના સંદર્ભે

(ચ) હાટ બજારની ખેડૂતોની આવક પર થયેલ અસર : અભ્યાસ ક્ષેત્રના સંદર્ભે

(છ) હાટ બજારની ખેડૂતોના જીવનધોરણ પર થયેલ અસર : અભ્યાસ ક્ષેત્રના સંદર્ભે

### (ક) હાટ બજારનો પરિચય

હાટ બજારને હાટ કે હટવાડો તરીકે ઓળખવામાં આવે છે. ઘણા જગ્યાએ મંગળવારી, બુધવારી, શુક્રવારી, રવિવારી વગેરે જે દિવસે તે ભરાય તે દિવસના નામે ઓળખવામાં આવે છે. મુખ્યત્વે આવા બજારા આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત રીતે ચાલી આવતા જોવા મળે છે. હાટ મૂળ સંસ્કૃત શબ્દ હટ ઉતરી આવ્યો છે. 'હટ' પરથી 'હટાણું' અને 'હટાણું' એટલે ખરીદ-વેચાણ કરવું. હટાણું કરવાનું સ્થળ તે 'હટ', 'હાટ', 'હાટવાડો' કે 'હાટબજાર'. હાટબજાર એટલે આદિવાસી વિસ્તારોમાં જીવન જરૂરી ચીજવસ્તુઓના ખરીદ-વેચાણ માટે દર અઠવાડિયાના નક્કી કરેલા વાર અને સ્થળે નિયમિત રીતે ભરાતું એક વિશિષ્ટ પ્રકારનું અઠવાડિક બજાર છે, તેને આદિવાસીઓ હાટ તરીકે ઓળખે છે.

હાટ બજારમાં વિવિધ વસ્તુઓનું વેચાણ થતું હોય છે. જેમાં, શાકભાજી, વસ્ત્રો, મસાલાઓ, જંતુનાશક દવાઓ, ખાવાની વસ્તુઓ, ઘરવખરીના સામાન અને ઘણાં સ્થળે પશુઓની ખરીદી અને વેચાણ થતાં હોય છે. ખરીદી-વેચાણ સાથે હાટ બજારમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને બાળકોના આનંદોલ્લાસ માટેની વ્યસ્થા પણ ઉભી કરવામાં આવે છે. સામાન્ય શબ્દોમાં આ એક સાપ્તહિક મેળો છે. જેમાં ખેડૂતો અને ગ્રામીણ વેપારીઓ વસ્તુઓનું વેચાણ કરતાં હોય છે.

ગુજરાતની આદિવાસી વિસ્તારોમાં આવા લગભગ ૧૮૨ સાપ્તાહિક હાટ ભરાય છે. જેનું જિલ્લાવાર પ્રમાણ નીચે મુજબ છે.

| ક્રમાંક | જિલ્લાનું નામ | હાટ બજારોની સંખ્યા |
|---|---|---|
| 1. | પંચમહાલ | 2 |
| 2. | છોટાઉદેપુર | 8 |
| 3. | ભરૂચ | 2 |
| 4. | વલસાડ | 53 |
| 5. | નવસારી | 34 |

ISSN(o): 2581-6241
Impact Factor: 6.831
March - 2024

| | | |
|---|---|---|
| 6. | ડાંગ | 19 |
| 7. | સુરત | 23 |
| 8. | સાબરકાંઠા | 1 |
| 9. | તાપી | 24 |
| 10. | નર્મદા | 3 |
| 11. | દાહોદ | 13 |
| કુલ | | 182 |

આમ, સૌથી વધુ હાટ બજારો વલસાડ અને ત્યારબાદ બીજા ક્રમે નવસારી જિલ્લામાં ભરાય છે.

અત્રે અભ્યાસમાં ચીખલી હાટબજારની પસંદગી કરવામાં આવી છે જે બુધવારીના નામે ઓળખાય છે કારણ કે, તે બુધવારના દિવસે ભરાય છે.

### (ખ) સ્વાવલંબન

સ્વાવલંબન એટલે એવી સ્થિતિ કે જેમાં રોજિંદા જીવનની જરૂરીયાતની તમામ ચીજ-વસ્તુઓ વ્યક્તિ પોતે જ ઉત્પાદન અને વપરાશ કરતો હોય. ગાંધી સ્વાવલંબનમાં વ્યક્તિગત સ્વાવલંબનની કે વ્યક્તિના સ્વંયપૂર્ણતાની રજૂઆત કરતાં નથી. તેઓ ગામ સ્વાવલંબનની વાત કરે છે. ગાંધી જણાવે છે કે, "સમાજનું એકમ એક કાલ્પનિક ગામ કે જૂથ હોવુ જોઈએ. તે એકમ સ્વાવલંબી રહી શકે અને જૂથની અંદર પરસ્પરાવલંબન તો રહેવું જ જોઈએ" તેઓ આદર્શ ગામની પરિકલ્પનામાં પાંચ માઈલના ઘેરાવામાંથી મળતી સાધનસામગ્રી મેળવવાનો ઉલ્લેખ કરે છે. ગાંધી દ્વારા રજૂ કરવામાં આવેલ ગ્રામ સ્વાવલંબનમાં ગામલોકો દ્વારા ઉત્પાદિત વસ્તુઓ અન્ય ગામલોકો કે પાંચ માઈલના ઘેરાવાના એવા ગામોના લોકો કે જ્યાં તેઓને સરળતાથી આ વસ્તુઓ પ્રાપ્ત ન થતી હોય તો નજીકના સ્થળેથી વિનિમય કરી મેળવી શકે તેવી વ્યવસ્થાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

ગાંધીવિચારક ઈલાબેન ભટ્ટ વિકાસની ઘેલછા કરતાં અનુબંધ સો માઈલનો સંબંધમાં જણાવે છે કે, વિકાસ એવો ન હોવો જોઈએ કે વ્યક્તિને 100 માઈલમાં પોતાની જરૂરીયાતની વસ્તુઓ મળી ન રહે વિકાસ એવો હોવો જોઈએ કે વ્યક્તિએ 100 માઈલના વિસ્તારમાં પોતાની જરૂરીયાતની તમામ ચીજ-વસ્તુઓ મળી રહે.

આમ ગાંધી અને ગાંધીવિચારકો દ્વારા એવી બજાર વ્યવસ્થાની તરફેણ કરવામાં આવી છે કે, જેમાં વ્યક્તિ પોતાના નજીકના સ્થળેથી પોતાની જરૂરીયાતોની તમામ ચીજ-વસ્તુઓનું વિનિમય કરી શકે.

### (ગ) હાટબજાર અને સ્વાવલંબન : અભ્યાસ ક્ષેત્રના સંદર્ભે

અત્રે અભ્યાસ ક્ષેત્ર ચીખલી હાટબજારમાં જે 62 ઉત્તરદાતાઓ કે જે શાકભાજી અને લીલા મસાલાનું વેચાણ કરે છે તેઓમાં સ્વાવલંબન છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવી છે.

ખરીદનારા જે ગ્રાહકો કે તેઓ સ્થાનિક જ એટલે નજીકના વિસ્તારના લોકો જ આ બજારમાં ખરીદી કરવા માટે આવે છે. તેથી ખરીદનાર પોતે વ્યક્તિગત સ્વાવલંબી નથી પરંતુ તે પોતે જે ખેતપેદાશનું ઉત્પાદન

ISSN(o): 2581-6241
Impact Factor: 6.831
March - 2024

કરતો નથી, તો નજીકના હાટબજારમાંથી ખરીદી છે, તેથી ખરીદનારના પક્ષે તો સ્વાવલંબની સ્થિતિ છે તેવું કહી શકાય. પરંતુ તારવી શકાય નહિ કારણ કે, જો વિક્રેતા બહારથી ખેતપેદાશ લાવી તેનું વેચાણ કરતો હોય તો તે સ્વાવલંબનની સ્થિતિ નથી માટે વિક્રેતા માલ ક્યાંથી લાવે છે તેની માહિતી આ મુજબ છે.

| વિગત | સંખ્યા |
|---|---|
| પોતે ખેત પેદાશનું ઉત્પાદન કરતા હોય | 30 |
| 100 માઈલથી ઓછા અંતરેથી માલ લાવતા હોય | 24 |
| 100 માઈલથી ઓછા અંતરેથી માલ લાવતા હોય | 8 |
| કુલ | 62 |

ઉક્ત માહિતી પરથી તારવી શકાય કે હાટબજારમાં શાકભાજી અને લીલા મસાલાઓના વેચાણમાં હાલની સ્થિતિએ પણ સ્વાવલંબન જોવા મળે છે. પરંતુ અન્ય ચીજ-વસ્તુઓમાં આ સ્થિતિ જોવા મળતી નથી. જો કે તે બાબતો અભ્યાસ ક્ષેત્રના બહારની છે.

**(ઘ) હાટ બજારની રોજગારી પર થયેલ અસર : અભ્યાસ ક્ષેત્રના સંદર્ભે**

અત્રે અભ્યાસમાં ખેતપેદાશોનો વેચાણ કરતાં 62 ઉત્તરદાતાઓને પર હાટબજાર કારણે રોજગારી મળી છે. આ 62 ઉત્તરદાતાઓ અને તેમની સાથે સહાયક તરીકે કામ કરતાં 42 લોકો આમ કુલ 104 લોકોને હાટબજાર દ્વારા રોજગારી મળી છે. આ 104 લોકો કઈ વસ્તુના વેચાણમાંથી રોજગારી મેળવે છે તેની વિગતો આ મુજબ છે.

| ખેત પેદાશનું નામ | રોજગારોની સંખ્યા |
|---|---|
| ડુંગળી | 10 |
| બટાકા | 14 |
| ટામેટાં | 16 |
| લીલા મસાલા (ધાણા, મરચા, લસણ, ફુદીનો વગેરે) | 18 |
| દૂધી, ગલકા, કોબીજ, ફુલાવર | 12 |
| મોસમી શાકભાજી | 44 |
| કુલ | 104 |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ સૌથી વધુ લોકો મોસમી શાકભાજીમાંથી રોજગારી મેળવે છે.

**(ચ) હાટ બજારની ખેડૂતોની આવક પર થયેલ અસર : અભ્યાસ ક્ષેત્રના સંદર્ભે**

ચીખલી ખાતે હાટ બજાર દર બુધવારે ભરાતો જોવા મળે છે તેના કુટુંબોને થતી વાર્ષિક કુલ આવક અને નફારૂપે પ્રાપ્ત થતી આવકની માહિતી નીચે મુજબ છે. કુલ આવકને રૂા. 5 લાખથી ઓછી, રૂા. 5 લાખ થી રૂા. 10 લાખ અને રૂા. 10 લાખ કરતાં વધુમાં વિભાજિત કરવામાં આવેલ છે. જ્યારે નફારૂપે પ્રાપ્ત થતી

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 6.831
Volume - 7, Issue - 03 March - 2024

આવકને રૂા. 2 લાખથી ઓછી, રૂા. 2 લાખ થી રૂા. 5 લાખ અને રૂા. 5 લાખ કરતાં વધુમાં વિભાજિત કરવામાં આવેલ છે.

| વાર્ષિક કુલ આવક | | નફારૂપે પ્રાપ્ત થતી આવક | |
|---|---|---|---|
| આવકનું પ્રમાણ | કુટુંબોની સંખ્યા | આવકનું પ્રમાણ | કુટુંબોની સંખ્યા |
| રૂા.5 લાખથી ઓછી | 42 | રૂા. 2 લાખથી ઓછી | 34 |
| રૂા. 5 થી રૂા. 10 લાખ | 22 | રૂા. 2 થી રૂા. 5 લાખ | 26 |
| રૂા. 10 લાખ થી વધુ | 8 | રૂા. 5 લાખથી વધુ | 2 |
| કુલ | 62 | કુલ | 62 |

ઉપરોક્ત કોષ્ટકમાં હાટ બજારમાં ખેતપેદાશોનું વેચાણ કરતાં કુટુંબોને થતી કુલ આવકમાં સૌથી વધુ પ્રમાણ રૂા. 5 લાખથી ઓછી આવક ધરાવતાનું જોવા મળે છે. જ્યારે નફારૂપી પ્રાપ્ત થતી આવકમાં સૌથી વધુ પ્રમાણ 2 લાખથી ઓછી ધરાવતાનું જોવા મળે છે.

**(છ) હાટ બજારની ખેડૂતોના જીવનધોરણ પર થયેલ અસર :અભ્યાસ ક્ષેત્રના સંદર્ભે**

હાટ બજારની કુટુંબોના જીવનધોરણ પર કેવી અસર થઈ છે તેની માહિતી નીચે મુજબ છે.

| વિગત | | | કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|
| જમીન | પિયત | 2 એકર થી ઓછી | 14 |
| | | 2 એકર થી વધુ | 4 |
| | બિનપિયત | 2 એકર થી ઓછી | 32 |
| | | 2 એકર થી વધુ | 8 |
| મકાન | કાચું | | 11 |
| | પાકું | | 51 |
| વાહનવ્યવહારના સાધનો | બાઈક | | 46 |
| | કાર | | 3 |
| | ટેમ્પો | | 12 |
| | રીક્ષા | | 8 |
| ઉત્પાદનના સાધનો | ટ્રેક્ટર | | 2 |
| | મીની ટ્રેક્ટર | | 6 |
| | ઓજારો | | 58 |
| | મોટર | | 8 |
| સંદેશાવ્યવહારના સાધનો | સ્માર્ટ ફોન | | 56 |
| | સાદા ફોન | | 6 |
| ઘરવખરી | ટીવી | | 46 |

| | | |
|---|---|---|
| | ફ્રિજ | 14 |
| | વોટર ફિલ્ટર | 4 |
| | વોશિંગ મશીન | 2 |
| બેન્ક ખાતુ ધરાવતા | | 62 |
| વીમા પોલિસી | | 36 |

કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ હાટબજારમાં ખેતપેદાશોનું વેચાણ કરતાં કુટુંબો પાસે અસ્ક્યામતોનું પ્રમાણ જોવા મળે છે. જે તેમના જીવનધોરણમાં થયેલ ફેરફાર દર્શાવે છે.

## 7. નિષ્કર્ષો :

- ચીખલી હાટ બજારમાં 62 વિક્રેતાઓ ખેતપેદાશોનું વેચાણ કરે છે. જેમા મોટા ભાગના લોકો 100 માઈલથી ઓછા વિસ્તારોથી વસ્તુની ખરીદી કરી તેનું વેચાણ કરે છે. તેથી તેને સ્વાવલબંનની રીતે જોઈ શકાય છે.
- હાટ બજારોમાંના કારણે 62 વિક્રેતના અને તેના 42 સહાયકો કુલ 104 લોકોને ખેતપેદાશોના વેચાણથી રોજગારી મળી છે.
- હાટબજારોમાં વેચાણ ઉત્તરદાતાઓનો ગૌણ વ્યવસાય છે અને તેમાંથી તેઓ સારી આવક અને નફો પ્રાપ્ત કરે છે જેના કારણે હાટ બજાર કુટુંબોની આવકમાં વધારો કરે છે.
- હાટબજારના વિક્રેતાઓ પાસે અસ્ક્યામતોનું સારૂ પ્રમાણ જોવા મળે છે તેથી તારવી શકાય કે હાટબજારના કારણે ખેતપેદાશોના વિક્રેતાઓના જીવનધોરણમાં હકારાત્મક અસરો સર્જી છે.

## 8. સૂચનો

- ગ્રામીણ વિસ્તારોમાં હાટ બજારોના પ્રમાણમાં હજુ પણ વધારો થવો જોઈએ.
- કાયમી હાટબજારોની રચના થવી જોઈએ.
- રાજ્ય દ્વારા હાટ બજાર વિકાસની યોજના હાથ ધરવામાં આવી છે. તેના લક્ષ્યાંકમાં વધારો કરવો જોઈએ.
- ખેડૂતોએ ખેતપેદાશ સિવાયની વસ્તુઓમાં પણ સ્વાવલબંન ઉભુ કરવું જોઈએ.

## 9. ઉપસંહાર

અત્રે સ્વાવલબંન અને હાટ બજાર :ખેતપેદાશોના વેચાણના સંદર્ભે અભ્યાસ પરથી ફલિત થાય કે ગાંધીવિચારમાં રજૂ કરેલ સ્વાવલબંનનો ખ્યાલ હાટબજારોને લાગુ પાડી શકાય. તેમજ હાટ બજારોની ખેડૂતોની રોજગારી, આવક અને જીવનધોરણ પર હકારાત્મક અસર થયેલ છે. વધુમાં સંશોધનની ઈચ્છા રહેશે કે આના પર અર્થશાસ્ત્રમાં વિશેષ અભ્યાસ થવા જોઈએ.જેથી કરી ખેડૂતોની આવકમાં વધારો કરી શકાય.

## સંદર્ભસૂચિ :


1. AB Sarkar and Other, Resurrection and being of a Haat: case study of rural markets of the eastern plateau region, International Journal of Scientific & Engineering Research, Volume 5, Issue 1, December-2014, https://www.researchgate.net/profile/Aditi-Sarkar-Ray/publication,
2. Dt. 19-2-2023, 13.00 PM.
3. Chouhan R.S. and Other (2019) "Economics of Value Added Products of Kodo and Kutki", https://www.indianjournals.com/ijor.aspx?target=ijor:ijed1&volume=15&issue=3&article=017,
4. Dt. 20-2-2023, 14.00 PM.
5. https://tribal.gujarat.gov.in/Assets/downloads/haats_in_tribal_areas.pdf, Dt.20-2-23,9.00PM.
6. મહેતા રઘુવીર(1982) "કૃષિ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અને વ્યવસ્થા" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
7. પરમાર દિલિપ(2006) "આદિવાસીઓના પરંપરાગત હાટ(બજાર)" આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
8. પટેલ રાજીવ અને દિનેશ ચૌધરી (2016) **"આદિવાસી વિસ્તારના ખેડૂતોની કૃષિ પેદાશની વેચાણ વ્યવસ્થાનો અભ્યાસ"** Journal of Multi-Disciplinary, Knowledge Consortium of Gujarat, http://kcgjournal.org/kcg/wp-content/uploads/MultiDisciplinary/issue17/Issue17, Dt. 19-2-23, 9.00 PM.
9. પુનાલેકર, એસ.પી. (2006) "આદિવાસી વિસ્તારમાં હાટ" સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત.
10. શાહ કે. એમ. (1972) "કૃષિ અર્થશાસ્ત્રનાં મૂળતત્વો" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
11. શાસ્ત્રી આર. વી અને અન્ય (1990-91) "કૃષિ અર્થશાસ્ત્રનાં સિદ્ધાંતો" પોપ્યુલર પ્રકાશન, સુરત.